નવી બાબત : ૨૦૧૫-૧૬

રાજ્યના સુરત,વડોદરા અને રાજકોટ શહેરોમાં ટ્રાફીકના મહેકમમાં વધારો કરવા માટે નવી જગ્યાઓ મંજુર કરવા બાબત (આયોજન).

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: મહક-૧૦૨૦૧૩-૩૫૨૨-(૨)સ (પા.ફા.)

સચિવાલય, ગાંધીનગર

તા. ૪/૬/૨૦૧૫

વંચાણમાં લીધાઃ-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્યનો તા.૨૨/૦૮/૨૦૧૪નો પત્ર ક્રમાંક:ઇ/૧૫૩૬/નવી સેવા/૨૦૧૪-૧૫/૧૮૩૨/૨૦૧૪

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્યનો તા.૧૫/૧૧/૨૦૧૪નો પત્ર ક્રમાંક:ઇ/૧૫૩૬/નવી સેવા/૨૦૧૪-૧૫/૨૪૨૫/૨૦૧૪

(૩) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનો તા. ૨૮/૦૧/૨૦૧૫નો પત્ર ક્રમાંક:એ-૨/ ટ્રાફીક પો.સ્ટે/દરખાસ્ત/૧૫૬/૨૦૧૫

(૪) અંદાજપત્ર ૨૦૧૫-૧૬ ના અંદાજપત્ર પ્રકાશન નંબર -૧૨ પાના નંબર-૧૭૯

ઠરાવ:-

રાજયના ચાર મોટા શહેરો તથા તમામ જિલ્લામાં ટ્રાફીક નિયંત્રણનું સંચાલન સુચારુ રીતે થાય તે માટે નવી જગ્યાઓ ઉભી કરવાની બાબતનો વર્ષ – ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં નવી સેવા તરીકે સમાવેશ કરવા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. ગાંધીનગર તથા પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની કચેરીઓ દ્વારા આમુખ ક્રમાંક- (૧) થી (૩) માં નિર્દિષ્ટ પત્રોથી સરકારશ્રીને દરખાસ્ત કરેલ. જે સંદર્ભમાં વિવિધ સંવર્ગની કુલ – ૧૫૦૦ નવી જગ્યાઓ ઉભી કરવા માટે વર્ષ – ૨૦૧૫-૧૬ ના અંદાજ પત્રમાં ઘટતી જોગવાઇ કરવામાં આવેલ છે.

૨. જેના અનુસંધાને નવી જગ્યાઓ ઉભી કરવા તથા અન્ય આનુષાંગિક બાબતો અંગે વહિવટી મંજૂરી આપવાની બાબત નાણાં વિભાગના પરામર્શમાં વિચારણા હેઠળ હતી. તદ્ અન્વયે નાણાં વિભાગ દ્વારા જરૂરી વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

૩. નાણાં વિભાગની મળેલ મંજુરીને અનુલક્ષીને પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર માટે ટ્રાફીકની ૧૦૧૨ નવી જગ્યાઓ ઉભી કરવા તથા વાહનો અને ફર્નિચર માટેની મંજૂરી આપવા અંગેના હુકમો, ગૃહ વિભાગના તા.૪/૦૬/૨૦૧૫ ના સરખા ક્રમાંકના ઠરાવથી અલગ રીતે બહાર પાડવામાં આવેલ છે.

૪. વર્ષ – ૨૦૧૫-૧૬માં ટ્રાફીકના હેતુ માટે કુલ મંજુર ૧૫૦૦ નવી જગ્યાઓ પૈકી, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર માટેની ૧૦૧૨ જગ્યાઓ સિવાયની બાકીની ૪૮૮ બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ સંવર્ગની (પે.બેન્ડ રૂ. ૫૨૦૦ – ૨૦૨૦૦, ગ્રેડ પે રૂ. ૧૮૦૦ તથા હાલમાં રૂ. ૭૮૦૦ ફીક્સ પગાર વાળી) જગ્યાઓ નીચેની વિગતે આથી મંજુર કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર માટે – | ૩૦૦ | જગ્યાઓ |
| પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેર માટે – | ૧૦૦ | જગ્યાઓ |
| પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર માટે – | ૮૮ | જગ્યાઓ |
| કુલ- | ૪૮૮ | જગ્યાઓ |

૫. સદરહુ મંજુર કરવામાં આવેલ જગ્યાઓ નીચે દર્શાવેલ શરતોને આધિન રહીને ભરવાની રહેશે.

**શરતો:-**

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

2. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

3. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

4. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષના આખરે સરન્ડર કરવાની રહેશે.

5. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

6. વર્ગ-3 ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

7. જે તે જગ્યાના પગાર-ધોરણ આર.ઓ.પી.- ૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની રહેશે.

8. સીધી ભરતીથી નિમણુક પામનાર ઉમેદવારને નિમણુક મળ્યા બાદ નાણાં વિભાગના તા. ૧૮/03/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:નપન/૨003/જીઓઆઇ/૧૦ (પા.ફા) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

9. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

10. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતીના નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

11. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

12. રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

13. આ નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યાર બાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થતાં પહેલાના ત્રણ માસ અગાઉ વિભાગને રજુ કરી જગ્યા વધું સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૬. આ અંગે કરવાનો થતો ખર્ચ પોલીસ કમિશ્નરશ્રી સુરત/વડોદરા અને રાજકોટ શહેરના મહેકમનો ખર્ચ જે બજેટ હેડમાં ઉધારવામાં આવતો હોય, તે હેડમાં ઉધારવાનો રહેશે.

૭. આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં), નાણા વિભાગની તા. ૧૫/૦૪/૨૦૧૫ ની નોંધથી અને સરકારશ્રીની તા.03/0૬/૨૦૧૫ થી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.બી.ગોસાઇ)
સેક્શન અધિકારી,
ગૃહ વિભાગ

પ્રતિ,

- માનનીય મંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, ગાંધીનગર.
- માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક (વહીવટ) ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક (કાયદો અને વ્યવસ્થા) ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત
- સર્વે રેન્જ પોલીસ મહાનિરીક્ષકશ્રી/નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા/રાજકોટ/સુરત
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (ગૃહ), નાણાંવિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સંયુક્ત સચિવશ્રી (ક.ગ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા વિભાગ ઝ-૧- શાખા, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
- તિજોરી અધિકારીશ્રી, સુરત,વડોદરા,રાજકોટ
- સેક્શન અધિકારીશ્રી, વ-શાખા, બ-શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેકટ ફાઇલ
- વર્ષ ૨૦૧૫-૧૬ નવી બાબતની સિલેક્ટ ફાઇલ.